તારી પત્નીને ભૂલી જ જા, ગળું કાપતા વાર નહીં લાગે

વિધર્મીએ યુવાનના 7 હજાર લૂંટી લીધા.

ટિફિન લેવા આવતા વિધર્મીએ પત્નીને પ્રેમજાળમાં ફસાવી

સુરતઃ પાલનપુર જકાતનાકા વિસ્તારમાં રહેતા અને મજૂરી કામ કરતા ૩૬ વર્ષીય હેમંત (નામ બદલ્યું છે)પત્ની ઘરેથી ટીફીન બનાવી આપવાનું કામ કરે છે. પાલ ગામનો જાવેદ શાબીર મંસુરી છેલ્લા ત્રણ વર્ષથી ત્યાં ટીફીન લેવા આવતો હતો. આ દરમિયાન તેણે પરિણીતાને પોતાની પ્રેમજાળમાં ફસાવી દીધી હતી અને તેને અવારનવાર બહાર ફરવા લઈ જતો હતો. હેમંતને આ વાતની જાણ થતા તેણે જાવેદને પોતાની પત્નીથી દૂર રહેવા અને સંસાર ન બગાડવા વિનંતી કરી હતી, પરંતુ જાવેદ માન્યો નહોતો.

ગત સોમવારે રાત્રે ૧૧:૧૫ વાગ્યા ના અરસામાં હેમંત તેના મિત્ર સાથે મોટર સાયકલ પર જઈ રહ્યો હતો, ત્યારે અડાજણના સ્વસ્તિક પાર્ટી પ્લોટ પાસે જાવેદે તેમને આંતર્યા હતા. હેમંતે ફરી એકવાર આજીજી કરતા જાવેદ ઉશ્કેરાઈ ગયો હતો અને દાઢી કરવાનો ધારદાર અસ્ત્રો કાઢી પારસલાલના ગળા પર મૂકી ધમકી આપી હતી કે, તારી પત્નીને હવે ભૂલી જ જા અને અમારા પ્રેમ સંબંધમાં વચ્ચે આવતો નહીં, નહિતર તારું ગળું કાપી નાખતા વાર નહીં લાગે. એટલું જ નહીં, જીવતા જવું હોય તો ખિસ્સામાં હોય તેટલા પૈસા આપી દેવાનું કહી ગાળાગાળી કરી રૂ. ૭,૦૦૦ની લૂંટ ચલાવી હતી. આ બનાવની ફરિયાદ થતાં પોલીસે આરોપીને ઝડપી પાડ્યો છે.

સુરતમાં ખાડીપૂરના નિકાલ માટે મનપાનો એક્શન પ્લાન

વરાછાની કોયલી ખાડીમાં પ્રથમવાર ફ્લોટિંગ એસ્કેવેટર દ્વારા સફાઈ અભિયાન શરૂ

ખાડીનું તળિયું એકથી દોઢ મીટર જેટલું ઊંડું લઈ જવામાં આવશે

સુરતઃ સુરત શહેરમાં દર વર્ષે ચોમાસા દરમિયાન સર્જાતી ખાડીપુરની ગંભીર સમસ્યાને પગલે સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળતો હોય છે. ખાસ કરીને વરાછા અને તેની આસપાસના વિસ્તારોમાં ખાડીના પાણી ઘરોમાં ઘૂસી જવાની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે. આ જનરોષની અસર તાજેતરની ચૂંટણીઓમાં પણ જોવા મળી હતી, જ્યાં ભાજપ અને આપ બંને પક્ષના ઉમેદવારોને જનતાના આકરા સવાલોનો સામનો કરવો પડ્યો હતો. આ પરિસ્થિતિને ગંભીરતાથી લેતા અને લોકોની આક્રોશને શાંત પાડવા માટે સુરત મહાનગરપાલિકાના ડ્રેનેજ વિભાગ દ્વારા આ વર્ષે પ્રિ-મોન્સુન કામગીરીમાં નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. વરાછાની માતૃશક્તિ સોસાયટી પાસે આવેલી કોયલી ખાડીમાં સૌ પ્રથમવાર અત્યાધુનિક 'ફ્લોટિંગ એસ્કેવેટર મશીન' ઉતારવામાં આવ્યું છે, જેના દ્વારા યુદ્ધના ધોરણે ખાડી સફાઈની કામગીરીનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે.

મનપા પ્રશાસન દ્વારા આ વર્ષે ખાડીપુરની સમસ્યાને ડામવા માટે ટેકનોલોજીનો સહારો લેવામાં આવ્યો છે. ફ્લોટિંગ એસ્કેવેટર મશીનની વિશેષતા એ છે કે તે પાણી પર તરીને ખાડીની મધ્યમાં રહેલો કચરો અને જામી ગયેલા કાંપને સરળતાથી દૂર કરી શકે છે, જે સામાન્ય મશીનો માટે અશક્ય હોય છે. તંત્રના જણાવ્યા અનુસાર, આગામી એક મહિનાની અંદર કોયલી ખાડીની સંપૂર્ણ સફાઈ પૂર્ણ કરી દેવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ સફાઈ પ્રક્રિયા દ્વારા ખાડીનું તળિયું એકથી દોઢ મીટર જેટલું ઊંડું લઈ જવામાં આવશે, જેના પરિણામે ખાડીની જળ સંગ્રહ ક્ષમતામાં ધરખમ વધારો થશે. લેવલ ડાઉન થવાને કારણે ભારે વરસાદ દરમિયાન પાણીનો નિકાલ ઝડપથી થશે અને પાણી રહેણાંક વિસ્તારોમાં ફરી વળવાની શક્યતા નહિવત થઈ જશે.

સંક્ષિપ્ત સમાચાર

ભાગળના 400 વર્ષ જૂના અંબાજી મંદિરે આજે ગબ્બરની ગોખવાળી માંના દર્શનનું આયોજન

સુરતઃ ભાગળ સ્થિત ૪૦૦ વર્ષ જૂના શ્રી અંબાજી માતા મંદિર ખાતે આવતીકાલે શુક્રવારે ગબ્બરની ગોખવાળી આરાસૂરી માતાના દિવ્ય સ્વરૂપે દર્શનનું ભવ્ય આયોજન મહંત મહર્ષિ વિપુલ અંબાજીવાળા દ્વારા કરવામાં આવ્યું છે. શુક્રવાર માંનો વાર હોવાથી તા. ૮મીમેના દિવસે દર્શનનું અનેરું મહાત્મ્ય છે.

સુરતની નવી સિવિલ હોસ્પિ.માં 'ઝાલમુરી' પાર્ટી કરાઈ

સુરતઃ વેસ્ટ બંગાળમાં મળેલી ભવ્ય જીતની ખુશીમાં સુરત નવી સિવિલ હોસ્પિટલ ખાતે મોર્નિંગ વોકિંગ ક્લબના સભ્યો દ્વારા અનોખી ઉજવણી કરવામાં આવી હતી. ક્લબના વેપારી, ઉદ્યોગપતિ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, તબીબો સહિતના સભ્યોએ એકત્રિત થઈ બંગાળની પ્રખ્યાત વાનગી 'ઝાલમુરી' બનાવી જીતની ખુશી વ્યક્ત કરી હતી. નર્સિંગ એસોસિએશનના ઈકબાલ કડીવાલાએ જણાવ્યું હતું કે, ક્લબના સભ્યોએ આ પ્રસંગે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદન પાઠવ્યા હતા. આ જીત દેશના વિકાસ અને મજબૂત નેતૃત્વ પ્રત્યે જનતાનો વિશ્વાસ દર્શાવે છે.

સુરત જિલ્લા પેન્શનરોના હયાતી પ્રમાણપત્ર માટે કેમ્પનું આયોજન

સુરતઃ સુરત જિલ્લા પેન્શનર્સ એસો.ના પ્રમુખ મનહરભાઈ લાપસીવાળા એક અખબારી યાદીમાં જણાવે છે કે, સુરતના ડિપાર્ટમેન્ટ ઓફ પોસ્ટ આઈપીપીબી વિભાગ અને સુરત જિલ્લા પેન્શનર્સ એસો.ના સહયોગથી જિલ્લા ટ્રેઝરીમાંથી પેન્શન મેળવતા પેન્શનરોનું હયાતી પ્રમાણપત્ર તા.1/5/26 થી તા.31/ 7/26 સુધીમાં ખરાઈ કરવાની હોય છે. જેથી પેન્શનરોને સગવડ મળે તે હેતુથી એક જ દિવસે તેમની ખરાઈ થાય તે માટે કેમ્પનું આયોજન તા.10/ 5/ 26 રવિવારે સવારે 10 થી 1 માટે સુરતી મોઢ વણિક વાડી, વૃદ્ધાશ્રમ, જમરૂખ ગલી, નાનપરા, સુરત ખાતે કરવામાં આવ્યું છે. તમામ પેન્શનર્સ જિલ્લા પેન્શનર્સના સભ્યોએ આધાર કાર્ડ, પેન્શન બુક અને બેંકની પાસ બૂકની ઝેરોક્ષ નકલ સાથે અવશ્ય ઉપરોક્ત સમય સ્થળે અવશ્ય હાજર રહેવું.

પંચમ્ ગ્રુપનો ફિલ્મી ગીતોનો કાર્યક્રમ કાલે થશે

સુરતઃ 'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત પંચમ્ ગ્રુપ ઓફ મ્યુઝિક દ્વારા આગામી શનિવાર તા.૯મીના રાત્રે ૮ વાગ્યે ફિલ્મી ગીતોનો સાંસ્કૃતિક કાર્યક્રમ રંગભવન, જીવન ભારતીખાતેરાખવામાં આવ્યો છે.

અશુદ્ધિને દૂર કરવા શાસ્ત્રમાં 18 અભિષેકનું વિધાન છેઃ પદ્મદર્શનસૂરિજી

મુંબઈઃ લીબર્ટી ગાર્ડન શ્રી શ્વે. મૂ. પૂ. જૈન સંઘ મુંબઈ મલાડ (વેસ્ટ)ના શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલયની 30મી સાલગીરી નિમિત્તે ત્રિદિવસીય મહોત્સવના બીજા દિવસે જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ, પં. આર્યરક્ષિત વિ.મ., મુનિ જ્ઞાનહંસ વિ.મ., પ્રીતદર્શનજી મ. અને દિવ્યચરણ વિ.મ. આદિ શ્રમણ વૃંદની પાવન નિશ્રામાં 'અઢાર અભિષેક'નો સંગીતની સૂરાવલી સાથે કાર્યક્રમ યોજાયો હતો. આ સ્વર્ણિમ અવસરે આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે 18 અભિષેકનું મહત્ત્વ સમજાવતા કહ્યું હતું કે, અઢાર અભિષેક એ મીની અંજન શલાકાની પ્રતિકૃતિ છે. વર્ષ દરમ્યાન પરમાત્માની કે જિનાલયની આપણા દ્વારા જાણતાં કે અજાણતાં કોઈ આશાતના થવાની સંભાવના છે. અશુદ્ધિને દૂર કરવા શાસ્ત્રમાં 18 અભિષેકનું વિધાન બતાવવામાં આવ્યું છે. વિશિષ્ટ કોટીની ઔષધિઓ દ્વારા પરમાત્માની ઉપર શાસ્ત્રીય અને શુદ્ધ મંત્રો દ્વારા અભિષેક કરવામાં આવે છે. પરમાત્મા તો પરમ પવિત્ર છે પણ આપણી ભીતરમાં દોષોનું સામ્રાજ્ય છવાયેલું છે.

ધોરણ-12 બાદ કરિયર પસંદગી માટે ICMAIનું માર્ગદર્શન કેમ્પ

સુરતઃ તાજેતરમાં ધોરણ 12ના પરિણામો જાહેર થયા બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભવિષ્યની કારકિર્દી અંગે અનેક મુંઝવણો ઊભી થઈ રહી છે. આ મુંઝવણોને દૂર કરવા માટે ICMAI સુરત સાઉથ ગુજરાત ચેપ્ટર દ્વારા કરિયર કાઉન્સેલિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ આગામી 10 મે, રવિવારે સવારે 10:30 કલાકે સીએમએ ભવન, 103 સિટી સ્કવેર, ઈન્દોર સ્ટેડિયમ નજીક, ઘોડદોડ રોડ, સુરત ખાતે યોજાશે. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે વાલીઓ પણ જોડાઈ શકશે. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે CMA રવિ છાવછરિયા (એજ્યુકેટર અને લેખક) તેમજ CMA કેનીશ મહેતા, CMA ઇન્સ્ટિટ્યૂટના સિનિયર મેમ્બર ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ અને વાલીઓને કરિયર અંગે સચોટ માર્ગદર્શન આપશે.

વિશ્વ થેલેસેમિયા દિવસ નિમિત્તે મહા રક્તદાન શિબિરનું આયોજન

સુરતઃ વિશ્વ થેલેસેમિયા દિવસ નિમિત્તે શનિવાર, તા. 9 મે 2026ના રોજ 'ફિટ એન્ડ હેલ્થી ફોર એવર' સંસ્થા દ્વારા અડાજણ સ્થિત સરગમ કોમ્પલેક્સ ખાતે થેલેસેમિયાગ્રસ્ત બાળકો માટે મહા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે વધુને વધુ લોકો સ્વૈચ્છિક રક્તદાન કરીને થેલેસેમિયા દર્દીઓના જીવન બચાવવા આગળ આવે તેવી અપીલ કરવામાં આવી છે.

વકીલમંડળની કારોબારી કમિટીની બેઠક મળશે

સુરતઃ સુરત જિલ્લા વકીલમંડળની કારોબારી કમિટીની આગામી તા.૧૨/૫/૨૦૨૬ના રોજ મળનારી બેઠકમાં ધી સુરત ડિસ્ટ્રિક્ટ લો લાઇબ્રેરીના હોદ્દેદારોની નિમણૂક મુદ્દે ચર્ચા કરી નિર્ણય લેવાનું મન બનાવી લીધું છે. તેમજ નવી કોર્ટ બિલ્ડિંગ જગ્યા અને હોદ્દેદારોનો બે વર્ષ માટેનો સમયગાળો કરવામાં બાબતે જરૂરી ચર્ચા-વિચારણા પણ કરાશે.

લસકાણામાં ઘરકંકાસમાં યુવકે ફાંસો ખાઈને આપઘાત કર્યો

સુરતઃ લસકાણામાં ઘરકંકાસમાં યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ ઉત્તરપ્રદેશના વતની અરવિંદ જયનારાયણ નિશાદ (ઉ.વ.37) હાલ લસકાણા ખાતે આવેલા વિપુલ નગરમાં રહેતો હતો. તે ધાગા-કટિંગના ખાતામાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. અરવિંદનો વતનમાં રહેતી પત્ની સાથે કોઈકને કોઈક વાતને લઈ ઝઘડો થતો હતો. કાલે રાત્રે અરવિંદે ઘરમાં પંખા સાથે દોરી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. અરવિંદએ ઘરકંકાસમાં પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું હતું.

કામ બાબતના ઠપકાથી ઉશ્કેરાઈ પૌત્રએ દાદીનું ગળું કાપી નાંખ્યું

હત્યાને આત્મહત્યામાં ખપાવવાનો પૌત્રનો કારસો પોલીસે નિષ્ફળ બનાવ્યો

સુરતઃ પરવટ પાટિયા વિસ્તારમાં કળિયુગી પૌત્રએ પોતાની સગી દાદીની ગળું કાપી નિર્મમ હત્યા કરી હોવાની હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ઘરમાં નવરો બેસી રહેતો પૌત્ર દાદીના કામ કરવા બાબતેના ઠપકાથી એટલો ઉશ્કેરાઈ ગયો હતો કે તેણે વૃદ્ધાને મોતને ઘાટ ઉતારી દીધા હતા. પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપી પૌત્રની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગુરુવારે આશરે ૧૭:૧૫ વાગ્યે પુણા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર વિક્રમ દેસાઈને બાતમી મળી હતી કે પરવટ પાટિયા પાસે આવેલા અનમોલ એપાર્ટમેન્ટમાં એક વૃદ્ધાનું શંકાસ્પદ મોત નીપજ્યું છે. ઘટનાની ગંભીરતાને જોતા પી.આઈ. સહિતનો પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી ગયો હતો. તપાસ દરમિયાન ૭૦ વર્ષીય વૃદ્ધા લીલાબેન ચંદુભાઈ ચૌધરી લોહીલુહાણ હાલતમાં મળી આવ્યા હતા. તેમના ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઊંડા નિશાન હતા. ઘટનાસ્થળે પ્રાથમિક તપાસમાં લૂંટ કે ચોરીના કોઈ પુરાવા મળ્યા ન હતા, જેથી પોલીસને ઘરના જ કોઈ સભ્ય પર શંકા ગઈ હતી. પોલીસે તપાસમાં ડોગ સ્ક્વોડ, ફિંગર પ્રિન્ટ એક્સપર્ટ અને FSL (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી)ની મદદ લીધી હતી. આ દરમિયાન મરણજનારનો ૨૫ વર્ષીય પૌત્ર હર્ષ નિલેશભાઈ પટેલ પોલીસને શંકાના દાયરામાં જણાયો હતો. પોલીસે જ્યારે હર્ષની પૂછપરછ કરી ત્યારે તેણે પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો. તેણે જણાવ્યું કે, દાદીએ પોતે જ ગળા પર ચપ્પુ ફેરવી આત્મહત્યા કરી લીધી છે. જોકે, હર્ષની વાતોમાં વિરોધાભાસ જણાતા અને તેની ગભરામણ જોઈ પોલીસે પૂછપરછ કરતા તે ભાંગી પડ્યો હતો અને કબૂલાત કરી હતી કે તેણે જ દાદીની હત્યા કરી છે.

કયામતની નિશાની, 89 વર્ષનાપિતાનેપુત્રનીધમકી

નાનપુરાના પુત્રની મહિલા સાથીએ વચ્ચે પડેલી બહેનને ફટકારી

સુરતઃ સુરતના નાનપુરામાં એક નરાધમ પુત્રએ તેની મહિલા સાથી સાથે મળીને પોતાના જ 89 વર્ષીય પિતા પર હુમલો કરી મિલકત પોતાના નામે લખી આપવા દબાણ કર્યું હતું.

નાનપુરાની બારાહજારી સ્ટ્રીટમાં રહેતા 89 વર્ષીય મુઝફ્ફર બહાદુર શેખે તેમના પુત્ર તબરેઝ મુઝફ્ફર શેખ અને અઝુમ સુલતાના (રહે. વ્હાઇટ હાઉસ, મોરા ભાગળ) વિરુદ્ધ ગંભીર આક્ષેપો સાથે ફરિયાદ નોંધાવી છે. તેમણે તેમની ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમનો પુત્ર તબરેઝ અવારનવાર ઘરે આવી મિલકત તેના નામે કરી દેવા માટે ઝઘડો કરતો હતો. એટલું જ નહીં, આરોપી પુત્રએ અગાઉ પિતા પાસે 75 હજાર રૂપિયાની પણ માંગણી કરી હતી. ગત તારીખ 16 ફેબ્રુઆરી અને ત્યારબાદ 5મી મેના રોજ બંને આરોપીઓ મુઝફ્ફરભાઈના ઘરે ધસી આવ્યા હતા. તબરેઝે પિતાને ગાળો આપી ધમકાવ્યા હતા કે,તું મિલકત મારા નામે કેમ કરતો નથી? અને બાકીના 75 હજાર અત્યારે જ લાવ, નહીંતર ઘર છોડીને જઈશ નહીં. દરમિયાન તેમની દીકરી યાસ્મીન નોકરી પરથી ઘરે આવતા તેણે ભાઈ તબરેઝ અને અઝુમને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આવેશમાં આવેલી અઝુમ સુલતાનાએ યાસ્મીન પર હુમલો કરી તેને માર માર્યો હતો. ઘરમાં થયેલી બૂમાબૂમ સાંભળી આસપાસના લોકો એકઠા થઈ જતાં બંને ત્યાંથી ભાગી છૂટ્યા હતા.

રૂપિયા ભેગા કર પછી લગ્ન કરાવી આપીશું તેવું પિતાએ કહેતા પુત્રનો આપઘાત

સુરતઃ યોગીચોકમાં યુવકે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પુત્રને લગ્ન કરવા હોવાથી પિતાને વાત કરી હતી. પિતાએ રૂપિયા ભેગા કર પછી લગ્ન કરવાનું કહ્યું હતું. જે વાતનું માઠું લગાડી યુવકે આપઘાત કરી લીધો હતો.મળતી માહિતી મુજબ, મૂળ બિહાર પૂર્ણિયાના વતની આદિત્યકુમાર નાગેશ્વર શર્મા (20 વર્ષ) હાલ યોગીચોક ડી-માર્ટ પાસે આવેલી વેદિકા નામની નવી બંધાતી બિલ્ડિંગમાં રહેતો હતો અને ત્યાં જ મજૂરી કામ કરી પરિવારને આર્થિકરીતે મદદરૂપ થતો હતો. તેણે લગ્ન કરવા હોવાથી પિતાને વાત કરી હતી. પિતાએ હમણાં રૂપિયા ભેગા કર પછી લગ્ન કરજે તેમ કહ્યું હતું. જો કે આ વાતથી પુત્રને એટલુ માઠુ લાગ્યું હતું કે તેણે જીવન ટૂકાવી દીધુ હતું.

ઉંદરે કાપી નાંખેલા વીજ વાયરને પકડી લેતા બાળકીનું મોત

સુરતઃ અલથાણમાં ઉંદરે કાપી નાખેલા વીજ વાયરને પકડી લેતા એક વર્ષની બાળકીનું મોત થયું હતું. મૂળ બિહારના વતની પપ્પુ સહાની હાલ વેસુ સંગીની સર્કલ પાસે આવેલ ખાનગી યુનિવર્સિટીની બાજુમાં ઝૂંપડામાં 3 બાળકો અને પત્ની સાથે રહે છે તે મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. બુધવારે સાંજે 5 વાગ્યાના સુમારે તેની એક વર્ષની પુત્રી દ્રષ્ટિએ ઘરમાં વીજ વાયરને હાથમાં પકડી લેતા તેને કરંટ લાગ્યો હતો. જેથી તે બેભાન થઈને ઢળી પડી હતી. બનાવની જાણ થતાં પરિવારજનો તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી. જેથી પરિવારમાં શોક ફેલાઈ ગયો હતો.

ખજોદ સાઈટ પર કચરાના નિકાલ માટે મનપાનું નવું 'તિકડમ'

ત્રણ વર્ષની લાંબી મુદ્દતનું ટેન્ડર અને 30 લાખ મેટ્રિક ટનનો પ્રોજેક્ટ નિષ્ફળ જતાં હવે 70 કરોડના ટૂંકા ગાળાના ટેન્ડર

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા ખજોદ ડિસ્પોઝલ સાઈટ પર ઘન કચરાના વૈજ્ઞાનિક ઢબે નિકાલ માટે નવા ઈજારાની પ્રક્રિયામાં મોટું 'તિકડમ' સામે આવ્યું છે.

અગાઉ, લાપરવાહ ગણાતા સીડી ટ્રાન્સપોર્ટને માપમાં રાખવા અને નવી સ્પર્ધાત્મક એજન્સીઓ લાવવાના આશયથી સ્થાયી સમિતિએ ત્રણ વર્ષ માટે 30 લાખ મેટ્રિક ટન કચરાના નિકાલ માટે 277 કરોડના ખર્ચના અંદાજ સાથે ટેન્ડર બહાર પાડવાની મંજૂરી આપી હતી. જોકે, આ મસમોટા ટેન્ડરમાં કોઈ પણ એજન્સીએ રસ ન દાખવતા અને કોઈ બીડ ન આવતા છેવટે તંત્રને આ ટેન્ડર પ્રક્રિયા દફતરે કરવાની ફરજ પડી હતી.

સીડી ટ્રાન્સપોર્ટનો કોન્ટ્રાક્ટ 5 જાન્યુઆરી, 2026ના રોજ પૂર્ણ થઈ ગયો હોવા છતાં, મનપા પાસે અન્ય કોઈ વિકલ્પ ન હોવાથી મનપાએ નાછૂટકે આ એજન્સીને 10 માસની મુદ્દત વધારી આપી હતી. હવે તંત્ર દ્વારા ફરીથી આયોજન બદલીને માત્ર એક વર્ષની મુદ્દત માટે 7.50 લાખ મેટ્રિક ટન ઘન કચરાના નિકાલ માટે અંદાજે 70 કરોડના ખર્ચે નવું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે.

નોંધનીય છે કે, ખજાદ ખાતે કચરાના નિકાલની સમસ્યા વિકરાળ છે અને હાલની એજન્સી સીડી ટ્રાન્સપોર્ટને આગામી નવેમ્બર માસ સુધી શરતી મુદ્દત વધારો આપવામાં આવ્યો છે. તંત્રએ પ્લાન-બી મુજબ જો વર્તમાન એજન્સી કામગીરીમાં નિષ્ફળ જાય તો અન્ય એજન્સીને સ્ટેન્ડ-બાય રાખવાની યોજના બનાવી હતી, પરંતુ તેમાં હજુ સુધી સફળતા મળી નથી. અગાઉ 30 લાખ મેટ્રિક ટનના મોટા કામમાં નિષ્ફળતા મળ્યા બાદ હવે તંત્રને આશા છે કે 7.50 લાખ મેટ્રિક ટનના નાના ટેન્ડરમાં કોઈ એજન્સી આવશે, પરંતુ જાણકારોમાં એવી પણ ચર્ચા છે કે એક વર્ષના ટૂંકા ગાળા માટે પણ કોઈ એજન્સી રસ દાખવશે નહીં તે લગભગ નક્કી છે. આમ, કરોડોના ખર્ચના અંદાજ છતાં કચરાના નિકાલની આ કામગીરી વહીવટી ગૂંચવાડામાં અટવાયેલી જોવા મળી રહી છે,

8થી 10મે દરમિયાન રોકાણકારોનો મહાકુંભ

રોકાણકાર સુનીલ સિંઘ્વાનિયાના હસ્તે ભરાશે, ચેમ્બરના 'વેલ્થ એક્સ્પો-2026'નું ઉદ્ઘાટન

સુરતઃ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ જગત અને રોકાણકારો માટે નાણાકીય વ્યવસ્થાપન અને રોકાણની નવી દિશાઓ ખોલવા માટે 'ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી' દ્વારા સંયુક્તપણે 'વેલ્થ એક્સ્પો 2026'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ એક્સ્પો આગામી 8, 9 અને 10 મે, 2026 દરમિયાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર (SIECC) ખાતે યોજાશે. આ એક્સ્પોનું ગરિમાપૂર્ણ ઉદ્ઘાટન 8 મે-2026ના રોજ સવારે 10 AM કલાકે અબાક્કસ એસેટ મેનેજમેન્ટના સ્થાપક સુનીલ સિંઘાનિયાના હસ્તે કરવામાં આવશે. ચેમ્બરના પ્રમુખ નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, "સુરત હવે માત્ર ઉત્પાદનનું કેન્દ્ર જ નથી રહ્યું, પણ તે એક મોટા ઈન્વેસ્ટમેન્ટ હબ તરીકે પણ ઉભરી રહ્યું છે. 'વેલ્થ એક્સ્પો 2026' દ્વારા અમે સ્થાનિક ઉદ્યોગકારો અને એમએસએમઈને અગ્રણી ફાઇનાન્સિયલ ઈન્સ્ટિટ્યૂશન્સ, લીઝિંગ કંપનીઓ અને ફિનટેક ઇનોવેટર્સ સાથે એક જ મંચ પર લાવવાનો પ્રયાસ કર્યો છે. આ એક્સ્પો ઉદ્યોગોને જરૂરી મૂડી અને રોકાણકારોને સાચું માર્ગદર્શન પૂરું પાડવામાં સેતુરૂપ સાબિત થશે. તેમાં એઆઈએફ જેવા રોકાણના નવા માર્ગો વિશે જાણીતા નિષ્ણાતો માર્ગદર્શન આપશે."

વિશ્વ થેલેસેમિયા દિવસ જનરક્ષક સાથે જીવનરક્ષકની ભૂમિકા નિભાવતી સુરત પોલીસનું સેવાકાર્ય

પોલીસે 20000થી વધુ યુનિટ લોહી એકત્ર કર્યું

પૂર્વ પોલીસ કમિશનર અજય તોમરે શરૂ કરેલા અભિયાનને અનુપમસિંહ ગહલોતે યથાવત રાખ્યું

સુરતઃ ૮ મેના વિશ્વ થેલેસેમિયા દિવસ નિમિત્તે સુરત શહેરમાં થેલેસેમિયા અંગે જાગૃતિ લાવવા અને દર્દીઓને સમયસર રક્ત ઉપલબ્ધ થાય એ માટે વિવિધ સેવાકીય સંસ્થાઓ, યુવા મંડળો અને સ્વૈચ્છિક રક્તદાતાઓ આગળ આવ્યા છે.

સુરત શહેર પોલીસ પણ થેલેસેમિયાગ્રસ્ત બાળકો માટે મહત્ત્વપૂર્ણ સેવા આપી રહી છે. ત્રણ વર્ષ પહેલા પૂર્વ પોલીસ કમિશનર અજય તોમરે આ બાળકો માટે શહેરમાં દર મહિને એક પોલીસ સ્ટેશનમાં રક્તદાન કરવાનું શરૂ કરાવ્યું હતું. જે આજેપણ પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલોતે યથાવત રખાવ્યું છે. છેલ્લાં ત્રણ વર્ષથી દર મહિને એક પોલીસ સ્ટેશન ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવે છે. વર્ષ-2023થી અત્યાર સુધીમાં સુરત શહેર પોલીસ દ્વારા 20 હજારથી વધુ રક્ત યુનિટ એકત્રિત કરવામાં આવ્યું છે. "જનરક્ષક સાથે જીવનરક્ષક"ની ભૂમિકા નિભાવતી સુરત પોલીસનું આ સેવા કાર્ય સમાજ માટે પ્રેરણારૂપ બન્યું છે. સુરત રક્તદાન કેન્દ્ર દ્વારા છેલ્લાં પાંચ વર્ષમાં થેલેસેમિયા દર્દીઓને કુલ 28,700થી વધુ રક્ત યુનિટ વિનામૂલ્યે આપવામાં આવ્યાં હોવાનું જાહેર કરવામાં આવ્યું છે.

પાંચ વર્ષમાં 28 હજારથી વધુ યુનિટ રક્ત પૂરું પડાયું

સુરત રક્તદાન કેન્દ્રના આંકડા મુજબ છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન થેલેસેમિયા દર્દીઓને વિનામૂલ્યે નેટ ટેસ્ટેડ રક્ત ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.

વર્ષ	રક્ત એકમોની સંખ્યા
2021-22	5734
2022-23	5664
2023-24	5884
2024-25	5638
2025-26	5780

લગ્ન પહેલાં લોહીનો ટેસ્ટ કરાવવો અત્યંત જરૂરી બની ગયો છે

નવી સિવિલ હોસ્પિટલના પૂર્વ પ્રાધ્યાપક અને બાળરોગ વિભાગના વડા ડો.વિજય શાહના જણાવ્યા પ્રમાણે, જો યુવક અને યુવતી બંને થેલેસેમિયા માઇનર હોય તો તેમના બાળકને થેલેસેમિયા મેજર થવાની 25 ટકા શક્યતા રહે છે. તેથી લગ્ન પહેલાં લોહીનો સાદો રિપોર્ટ કરાવવો અત્યંત જરૂરી બની ગયો છે. થેલેસેમિયા જેવી બીમારીનો સૌથી સારો ઉપાય નિવારણ અને જાગૃતિ છે. લોકોમાં ધીમેધીમે સમજણ વધી રહી છે કે "કુંડળી મળવી જેટલું જ જરૂરી હવે બ્લડ રિપોર્ટ મળવો પણ બની ગયો છે.

સેવાભાવી સંસ્થાઓ બની આશીર્વાદ

- શ્રી ગણપતિશંકર ઈચ્છારામ મજમુદાર પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
- ચાંલ્લાગલી યુવક મંડળ
- લોર્ડ ક્રિષ્ના યુથ ક્લબ મોટા વરાછા
- ચલથાણ યુવકમંડળ
- સારથી મેડિકલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ

દર 10થી 15 દિવસે રક્તની જરૂરિયાત

થેલેસેમિયા એક આનુવંશિક રક્તરોગ છે, જેમાં શરીરમાં હિમોગ્લોબિનનું યોગ્ય નિર્માણ થતું નથી. પરિણામે દર્દીઓને નિયમિત રીતે લોહી ચઢાવવાની જરૂર પડે છે. સુરતમાં હાલ 700થી વધુ થેલેસેમિયા દર્દીઓ છે, જેમને દર 10થી 15 દિવસે એક કે બે યુનિટ લોહીની જરૂર પડે છે.

'સેલ્ફ અવેરનેસ જ થેલેસેમિયા નાબૂદીનો ઉપાય'

સુરત રક્તદાન કેન્દ્રના પી.આર.ઓ. નિતેશ મહેતાએ જણાવ્યું હતું કે, થેલેસેમિયા નાબૂદ કરવા માટે સમાજમાં સ્વયં જાગૃતિ સૌથી મોટો ઉપાય છે. ખાસ કરીને યુવાનોને લગ્ન પહેલાં થેલેસેમિયા માઇનર ટેસ્ટ કરાવવો અત્યંત જરૂરી છે. શાળા-કોલેજોમાં જનજાગૃતિ કાર્યક્રમો, વિશ્વ થેલેસેમિયા દિવસે રેલી અને નિયમિત રક્તદાન શિબિરો દ્વારા લોકોમાં જાગૃતિ લાવવી જરૂરી છે. "થેલેસેમિયા મુક્ત ભારત" અભિયાનને સફળ બનાવવા માટે યુવા પેઢીએ સક્રિય ભાગ ભજવવો જોઈએ.